**-:: ફોજદારી કેસ નં.૮૪૯૧/૨૦૨૪ નાં કામે આંક-૧ લગત હુકમ ::-**

હાલના ગુના કામે આરોપીઓ વીરુધ્ધ આક્ષેપીત ગુનાની વિગત જોતા આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ફરીયાદીની વેગનઆર ગાડી સાથે બાળક વડે અકસ્માત કરી બોલાચાલી કરી, બીભત્સ ગાળો બોલી,ગડદાપાટુનો માર મારી,જાનથી મારી નાંખવાની ધમકી આપીને ઈ.પી.કો.ની કલમ-૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. ફરીયાદપક્ષે એકમાત્ર સાહેદ એવા ફરીયાદી-રાજેશ કેશવલાલ સોલંકીને આંક-૦૯ થી તપાસેલ છે. સદર ફરીયાદીના પુરાવામાં આંક-૧૦ થી ફરીયાદ રજુ થયેલ છે. તેમજ ફરીયાદીના પુરાવામાં તથા ફરીયાદ હકિકતમાં આરોપીઓ વીરુધ્ધની અને આરોપીઓની ગુના કામે સંડોવણી કરી શકાય તેવી લેશમાત્ર હકિકત રજુ થતી નથી. વધુમા ફરીયાદીને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલાનુ જ જણાવેલ છે.ફરીયાદીને હાલનો કેસ આગળ ચલાવવો નથી તેમજ વિશેષ કોઈ પુરાવો રજુ કરવો નથી તેમ જણાવેલ છે. આમ, હાલના કામે આરોપીઓ વીરુધ્ધના સંજોગો રજુ થયેલ ના હોઈ, હાલનો કેસ આજરોજ લોક અદાલતમાં ફેંસલ કરવાનુ ન્યાયોચિત જણાતુ હોય નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે.

**// હુકમ //**

આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ ના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજની લોક અદાલતમાં વાંચી સંભળાવીને મારી સહીથી જાહેર કર્યો.

તા.૨૨/૦૬/૨૦૨૪
નવરંગપુરા

(ચિરાગ વામનરાય ભટ્ટ)
૬ઠ્ઠા એડી. સીવીલ જજ અને જ્યુડી. મેજી. ફ.ક.,
અમદાવાદ(ગ્રામ્ય)